RNI. No.GUJGUJ/2014/56392

ક્રાઈમ કિંગ
Crime King
Weekly

Editor : NIKITA R. SAXENA
(Mo) 98796 16556

✳AT.:45, KONARK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SABARMATI AHMEDABAD-380019.

✳Year : 7 ✳ Issue No. 47 ✳Date:12.03.2021 ✳Friday ✳Page :04 ✳Rs. 01.00 ✳Annual Rs. 50/-

આઝાદીના ૭૫ વર્ષ અંતર્ગત 'આઝાદીના અમૃત મહોત્સવ' ઉજવાશે

આજે વડાપ્રધાન મોદી આવશે અમદાવાદ: દાંડીયાત્રાનો પ્રારંભ કરાવશે

૭૫ સપ્તાહ દરમિયાન ૭૫ કાર્યક્રમો, રાષ્ટ્રના વિકાસ માટે 'શતાબ્દી સંકલ્પ ૨૦૪૭' લેવડાવશે,ગાંધી આશ્રમથી દાંડી સુધી યાત્રામાં જોડાનારાઓનું સ્વાગત કરાશે, આઝાદીના લડવૈયાઓને શ્રદ્ધાંજલી, દેશભક્તિ ગીત, ભજન, નાટક વેબીનાર સહિતના કાર્યક્રમો

અમદાવાદ,તા.૧૧

આવતીકાલે એટલે કે, ૧૨ માર્ચના રોજ દાંડીયાત્રા દિવસની ઉજવણી થવાની છે. વડાપ્રધાન મોદી પણ અમદાવાદ ખાતે આવશે અને ગાંધી આશ્રમથી દાંડીયાત્રાનો પ્રારંભ કરાવી યાત્રામાં ભાગ લેશે.

ભારતની આઝાદીના ૭૫માં વર્ષે આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણીનો મુખ્ય કાર્યક્રમ આવતીકાલે સાબમતી આશ્રમ ખાતે વડાપ્રધાન મોદીની ઉપસ્થિતિમાં યોજાવાનો છે. પીએમ મોદી કાલે સવારે અમદાવાદ આવશે અને ૧૦ વાગ્યાની આસપાસ ગાંધી આશ્રમ જશે. આ જ દિવસે રાજ્યના ૩૩ જિલ્લામાં મંત્રીમંડળના સભ્યો, ધારાસભ્યો, સાંસદો, પદાધિકારીઓની ઉપસ્થિતિમાં વિવિધ કાર્યક્રમો યોજાનાર છે. મુખ્ય કાર્યક્રમમાં પીએમ મોદીની સાથે સીએમ રૂપાણી ઉપસ્થિત રહેશે. જ્યારે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ રાજકોટ, ભાજપ પ્રમુખ સી.આર પાટીલ નવસારી, સુરતના કાર્યક્રમોમાં શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહેશે.

અમદાવાદના સાબરમતી આશ્રમમાં ૧૨મી માર્ચે વડાપ્રધાન મોદી આવી રહ્યા છે. તે સમયે કેન્દ્રના કેટલાક દિગ્ગજ નેતાઓ પણ તેમની સાથે આવશે. દાંડી યાત્રાના ૯૧ વર્ષ થઈ રહ્યા હોવાના અવસરે દાંડી પુલ પર ખૂદ નરેન્દ્ર મોદી ચાલતા જશે. જે માટે આજે એસપીજી અને ગુજરાત પોલીસની ટીમે મોદીની વિઝીટના સ્થળોનું નિરીક્ષણ કર્યું હતું. અહીંયા તેઓ પહેલા ગાંધીની પ્રતિમાને સુતરની આટી પહેરાવશે ત્યાર બાદ હૃદય કુંજ જશે અને ત્યાંથી તેઓ ચાલતા દાંડી બ્રિજ તરફ જશે.

આ દરમિયાન ટ્રાફિકમાં અડચણ ન રહે તે માટે અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા કેટલાક રૂટ ઉપર ડાયવર્ઝન જાહેર કરવામાં આવ્યા છે. ટ્રાફિક પોલીસ બહાર પાડેલા જાહેરનામા મુજબ આવતીકાલે સુભાષબ્રિજથી ગાંધીઆશ્રમ, વાડજ સર્કલ સુધીનો રસ્તો સવારે ૭થી બપોરે ૩ વાગ્યા સુધી વાહનોની અવરજવર માટે સંપૂર્ણપણે બંધ રહેશે.

વૈકલ્પિક રોડ તરીકે આરટીઓ સર્કલથી રાણીપ થઈને નવાવાડજ પોલીસ ચોકી થઈ અને વાડજ સર્કલ તરફ જઈ શકશે. જ્યારે સવારે ૧૧ વાગ્યાથી વાડજ સર્કલથી ઈકમટેક્સ બ્રિજ, નેહરુબ્રિજ, એલિસબ્રિજ, વીએસ હોસ્પિટલ, પાલડી ચાર રસ્તા, પાલડી ચાર રસ્તાથી એનઆઈડી રોડ સંપૂર્ણપણે તથા જમાલપુર બ્રિજ નીચે થઈ બહેરામપુરા મેલડી માતા મંદિર રોડ તરફ થઈ દાણીલીમડા ચાર રસ્તા સુધીનો એક તરફનો માર્ગ વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

મળતી માહિતી પ્રમાણે પદયાત્રા જેમ જેમ આગળ વધશે તેમ પોલીસ દ્વારા ડાયવર્ઝન દૂર કરવામાં આવશે અને રોડ ખુલ્લા કરવામાં આવશે. વૈકલ્પિક માર્ગ તરીકે વાડજ અને આશ્રમ રોડ તરફ જવા માટે વાડજ કટથી રિવરફ્રન્ટ વેસ્ટ રોડથી જઈ શકાશે. જમાલપુર તરફ જવા માટે એલિસબ્રિજ પરથી વિક્ટોરિયા ગાર્ડન, ખમાસા અને આસ્ટોડિયા થઈ જમાલપુર જઈ શકાશે. જ્યારે ગીતા મંદિરથી મજૂરગામ થઈ ભુલાભાઈ પાર્ક, શાહઆલમ થઈ અને દાણીલીમડા ચાર રસ્તા તરફ જઈ શકાશે.

કેવડિયા જંગલ સફારી પાર્કમાં સિક્યુરી ગાર્ડને માર મારનાર પાંચ પોલીસકર્મી સસ્પેન્ડ

નર્મદા,તા.૧૧

કેવડિયા સ્થિત જંગલ સફારી પાર્કમાં પોલીસકર્મીઓની દાદાગીરી સામે આવી છે. જંગલ સફારી પાર્કમાં પ્રવેશ બાબતે ૫ પોલીસકર્મીએ સિક્યુરિટી ગાર્ડને માર માર્યો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી અને ત્યાર બાદ સિક્યુરિટી કર્મચારીઓ હડતાળ પર ઉતરી ગયા હતા અને જોકે, નર્મદા એસપીએ પાંચેય પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરતા સિક્યુરિટી કર્મચારીઓએ હડતાળ સમેટી લીધી છે. કેવડિયા સ્થિત જંગલ સફારી પાર્કમાં ટ્રાફિક પોલીસની દાદાગીરીનો વિડિયો સામે આવ્યો છે. જંગલ સફારી પાર્કમાં ૫ પોલીસકર્મીઓ ઘુસતા સિક્યુરિટી ગાર્ડે ટિકિટ માગતા ઘર્ષણ થયું હતું અને પોલીસ કર્મીઓએ ફરજ બજાવતા સિક્યુરિટી કર્મચારીને માર માર્યો હતો. આ મામલે મુખ્યમંત્રી અને વડાપ્રધાન સુધી રજૂઆત કરવામાં આવી હતી. સિક્યુરિટી ગાર્ડને માર મારનારા ૫ પોલીસકર્મી પૈકી કેટલાક પોલીસકર્મીઓ સિવિલ ડ્રેસમાં હતા. જંગલ સફારી પાર્કની બહાર સિક્યુરિટી ગાર્ડને માર મારવાની ઘટના બાદ સિક્યુરિટી કર્મચારીઓ હડતાળ પર ઉતરી ગયા હતા અને પોલીસકર્મીઓ સામે કાર્યવાહીની માગ કરી હતી. જોકે, નર્મદા SPએ પાંચેય પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરતા સિક્યુરિટી કર્મચારીઓએ હડતાળ સમેટી લીધી છે.

સસ્પેન્ડ કરાયેલા ટ્રાફિક પોલીસકર્મીઓ

- શૈલેષ મનસુખ, હેડ કોન્સ્ટેબલ
- રાજેન્દ્ર ખાનસિંગ, કોન્સ્ટેબલ
- મનોજ ધનજીભાઈ, કોન્સ્ટેબલ
- કૃષ્ણલાલ મહેશભાઈ, કોન્સ્ટેબલ
- અનિલ મહેશભાઈ, કોન્સ્ટેબલ

અરવલ્લીની પ્રાથમીક શાળામાં કોરોનાનો પગપેસારો

ધનસુરાના પાંચ કુહાડા ગામે ધો.૮ નો વિદ્યાર્થી કોરોનાગ્રસ્ત થતા વાલીઓમાં ફફડાટ

અરવલ્લી

કોરોનાનું સંક્રમણ ઘટતા સમગ્ર રાજયમાં તબક્કા વાર સ્કૂલોમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ કરવામાં આવ્યું છે પ્રત્યક્ષ શિક્ષણ શરૂ થતા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને શિક્ષકો સહીત શાળાના સ્ટાફમાં કોરોના પોઝેટીવ કેસ ધીરે ધીરે વધી રહ્યા છે અરવલ્લી જીલ્લામાં શાળાઓ રાબેતા મુજબ શરૂ થઇ ચુકી છે. સ્થાનિક સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ દરમ્યાન ચારેકોર જામેલી ભીડ,ગાઈડ લાઈનનો સંદતર ભંગ અને લગ્ન સીઝનને લઈ કોરોનાનું સંક્રમણ વકરી રહયું છે.જીલ્લાની પ્રાથમીક શાળામાં પગપેસારો કરતા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ફફડાટ ફેલાયો છે ધનસુરા તાલુકાની પાંચ કુહાડા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતો વિદ્યાર્થી કોરોનામાં સપડાતા શાળાનું શૈક્ષણિક કાર્ય તાબડતોડ સ્થગીત કરી દેવામાં આવ્યું છે આરોગ્ય તંત્રએ સર્વેની કામગીરી હાથધરી હતી.

ધનસુરા તાલુકાના બુટાલ ગામના અને પાંચ કુહાડાની પ્રાથમીક શાળામાં અભ્યાસ કરતા ધો.૮ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી કોરોનાગ્રસ્ત થતા શાળામાં અભ્યાસ કરતા અન્ય વિદ્યાર્થીઓ અને શિક્ષકો ચિંતિત બન્યા છે કોરોનાગ્રસ્ત બનેલા વિદ્યાર્થીને સારવાર અર્થે દવાખાને ખસેડાયો છે પાંચ કુહાડા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓએ સ્વૈચ્છીક પોતાના બાળકોને અભ્યાસ કરવા નહીં મોકલવાનો નિર્ણય કર્યો હતો કોરોનામાં વિદ્યાર્થી સપડાતા પાંચ કુહાડા શાળા ફરીથી સુમસામ બની હતી પ્રાથમીક શાળામાં કોરોનાના પગપેસારાના પગલે વાલીઓ અને શિક્ષકો ચિંતીત બન્યા છે જિલ્લામાં વકરતા સંક્રમણને અટકાવવા તંત્ર હરકતમાં આવે ને જરૂરી છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં તંત્રની ઉદાસીનતા અને રાજકીય પક્ષો,ઉમેદવારો અને ટેકેદારો દ્વારા દાખવવામાં આવેલા સરેઆમ બેદરકારી ને લઈ કોરોના વાયરસને મનગમતું મેદાન મળી રહયું હોય એમ રાજયની જેમ જ હવે જિલ્લામાં કોરોના વકરી રહયો છે. કોરોનાગ્રસ્ત દર્દીઓનો ગ્રાફ સતત વધી રહ્યો હોવાથી લોકોમાં ફફડાટ ફેલાયો છે અત્ર ઉલ્લેખનીય છે કે કોરોનાનું સંક્રમણ સતત વધી રહ્યું છે ત્યારે ધંધાર્થીઓ,ફેરિયાઓ અને લોકો માસ્ક પણ પહેરતા નથી સોશ્યલ ડીસ્ટન્સનો પણ અભાવ જોવા મળી રહ્યો છે

તંત્રી સ્થાનેથી.....

શિયાળાની વિદાય સાથે જ હવે કાળઝાર ગરમીની શરૂઆત થઈ ગઈ છે. આ વર્ષે ગુજરાતીઓએ પ્રચંડ ગરમી સામનો કરવો પડશે. કારણ કે આગામી દિવસોમાં આકાશમાંથી અંગારા વરસવાના છે. હવામાન વિભાગે ૧૪ માર્ચથી મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીએ પહોંચવાની આગાહી કરી છે. માર્ચ મહિનાની શરૂઆતથી જ તાપમાન વધવાનું શરૂ થઈ ગયું છે. દિવસેને દિવસે ગરમીનો પારો ઉંચો જઈ રહ્યો છે. રાજ્યના કેટલાક શહેરોમાં તાપમાન વધીને પારો ૩૩ ડિગ્રીએ પહોંચી ગયો છે. આજે ડીસામાં ૩૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે. તો અમદાવાદ, સુરત, વડોદરા, ભૂજ, ગાંધીનગર, ભાવનગરમાં ૩૩ ડિગ્રી તાપમાન નોધાયું છે. જો કે આગામી ચાર દિવસ બાદ ગરમીનો પારો ૪૦ ડિગ્રીએ પહોંચીને તેનું અસલી સ્વરૂપ દેખાડશે. ગરમી વધવાની સાથે જ લોકો તાપથી બચવા માટે એસીની ખરીદી કરી રહ્યા છે. શિયાળા અને ચોમાસામાં કરતા હાલમાં ત્રણ ગણા એસીનું વેચાણ વધી ગયું છે. એક બાજુ ભારે તાપ તો બીજી બાજુ તાપથી બચવા માટે અલગ અલગ કમ્પનીઓ એસી પર ઓફર પણ આપી રહી છે. જેમ જેમ ગરમીનો પારો ઉંચો જતો જશે તેમ તેમ એસીના વેચાણમાં પણ વધારો થશે.

જી એન એફ સી ભરૂચના ઉપક્રમે અરવલ્લી ના ડેમાઈ ખાતે નર્મદા કિસાન પરિવાર પત્રનું વિમોચન વિડિયો કોન્ફરન્સથી યોજાયું.

અરવલ્લી

ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ લિમિટેડ ભરૂચ ના ઉપક્રમે ઓનલાઇન વિડીયો કોન્ફરન્સના મારફતે નર્મદા કિસાન પરિવાર પત્ર નું વિમોચન કંપનીના મેનેજિંગ ડિરેક્ટર અને અધિક મુખ્ય સચિવ નાણાં વિભાગના પંકજભાઈ જોશીના વરદ હસ્તે કરવામાં આવ્યુ હતુ. જેના ઉપક્રમે આયોજીત બાયડ તાલુકાના ડેમાઈ ખાતે ના બ્રહ્મઝ કંપનીના ડેપો ઇન્ચાર્જ રસિકભાઈ પટેલ દ્વારા નર્મદા કિસાન પરિવાર પત્ર નું વિમોચનનું સીધુ પ્રસારણ ડેમાઈ ખાતે ઓનલાઈન વિડીયો કોન્ફરન્સ દ્વારા કરવામાં આવ્યું હતું જેનાથી આગામી દિવસોમાં ખેડૂતોને ખેતીવિષયક પ્રશ્નો નું નિરાકરણ આંગળીના ટેરવે થશે તેવું માનવામાં આવી રહ્યું છે. ઓનલાઈન વિડીયો કોન્ફરન્સમાં સોશિયલ ડિસ્ટન્સ જાળવી ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

અમદાવાદમાં આપઘાતના બે બનાવો બન્યા

પિતાએ કોલ્ડ્રિંક્સના પૈસા ન આપતા ૧૧ વર્ષના બાળકનો આપઘાત

માવો લેવા પૈસા ન આપતા યુવકે ઝેરી દવા પીધી

અમદાવાદ,તા.૧૧

લોકો સામાન્ય વાતમાં માઠું લગાડીને આપઘાત કે આપઘાતનો પ્રયાસ કરતા હોય છે. માઠું લાગવાની પરાકાષ્ઠા સમાન બે કિસ્સા રાજ્યમાં સામે આવ્યા છે. જેમાં એક બનાવમાં એક ૧૧ વર્ષના બાળકે પિતાએ પેપ્સી ન પીવડાવતા આપઘાત કરી લીધો છે. બીજા બનાવમાં એક યુવકે પિતાએ માવો ખાવા માટે પૈસા ન આપતા માઠું લાગતા આપઘાતનો પ્રયાસ કર્યો છે. આ બંને બનાવો સમાજ માટે ખરેખર ચિંતા સમાન છે. પ્રથમ બનાવ પાટણના સિદ્ધપુર ખાતે બન્યો છે, જ્યારે બીજો બનાવ અમરેલીના ખાંભા ખાતે બન્યો છે.

બનાવ-૧: માવાના પૈસા ન આપતા ઝેરી દવા પી લીધી

સામાન્ય અર્થમાં માવો એટલે દૂધની બનાવટની એક વસ્તુ. પરંતુ ગુજરાતમાં એક બીજો માવો પણ પ્રસિદ્ધ છે, જે સોપારી, તંબાકુ અને ચૂનાનું મિશ્રણ હોય છે. આ બીજા માવાને પગલે એક યુવકે આપઘાતનો પ્રયાસ કર્યો છે. અમરેલીના ખાંભાના હંસાપરા વિસ્તારમાં એક યુવકે પિતાએ માવો ખાવા માટે પૈસા ન આપતા આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પિતાએ માવો ખાવાના પૈસા ન આપતા યુવકને લાગી આવ્યું હતું અને તેણે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. મળતી માહિતી પ્રમાણે હંસાપરામા રહેતા કમલેશ નામના યુવકે પિતા વિઠ્ઠલભાઈએ માવો ખાવાના ૧૦ રૂપિયા માંગ્યા હતા. પિતાએ ૧૦ રૂપિયા ન આપતા કમલેશે ઝેરી દવા પી લીધી હતી. હાલ યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો છે.

બનાવ-૨: પિતાએ પેપ્સી ન પીવડાવતા બાળકનો આપઘાત

પાટણના સિદ્ધપુરમાં એક ૧૧ વર્ષના બાળકે પિતાએ પેપ્સી લેવા માટે પૈસા ન આપતા આપઘાત કરી લીધો છે. દીકરાની તબિયત સારી ન હોવાથી પિતાએ તેને પેપ્સી માટે પૈસા આપ્યા ન હતા. જે બાદમાં દીકરાએ ઘરનો દરવાજે બંધ કરીને પંખા સાથે દોરી બાંધીને આપઘાત કરી લીધો હતો. આ વાતની જાણ થતાં જ પિતાએ તેને તાબડતોબ હૉસ્પિટલ ખસેડ્યો હતો. જોકે, ડૉક્ટરોએ બાળકને મૃત જાહેર કર્યો હતો.

એવી પણ માહિતી મળી છે કે આપઘાત કરી લેનાર બાળકને રિક્ષા ચલાવતાં શબ્બીર હુસેન ચૌહાણે સાળી પાસેથી દત્તક લીધો હતો. બાળક સ્કૂલમાં છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતો હતો. મળતી માહિતી પ્રમાણે પુત્રએ પેપ્સી પીવા માટે પૈસા માંગ્યા બાદ શબ્બીરભાઈએ તેને મનાઈ કરી દીધી હતી અને તબિયત બગડી જશે તેવું કહ્યું હતું. આ વાત બાદ દીકરાને લાગી આવ્યું હતું અને તેણે આપઘાત કરી લીધો હતો. દીકરાએ આપઘાત કર્યો ત્યારે શબ્બીરભાઈ રિક્ષા લઈને બહાર ગયા હતા. ૧૧ વર્ષના પુત્રએ આપઘાત કરી લેતા શબ્બીરભાઈના માથે જાણ આભ ફાટી પડ્યું હતું. કારણ કે તેમણે આપઘાત કરી લેનાર દીકરો સાળી પાસેથી દત્તક લીધો હતો. એક તરફથી દીકરાના આપઘાતનું દુઃખ અને બીજી તરફ તેઓ પોતાની સાળીને શું મોઢું બતાવશે તે અંગે વિચારીને આખો પરિવાર ડ્રૂસકે ડ્રૂસકે રડ્યો હતો. આ મામલે પોલીસે ગુનો નોંધીને તપાસ કરી છે. તપાસમાં એવી વિગત સામે આવી છે કે બાળકે આપઘાત માટે એવો સમય પસંદ કર્યો હતો જ્યારે ઘરમાં કોઈ ન હતું.

નહેરુબ્રિજ ૧૩ માર્ચથી ૩૦ એપ્રિલ સુધી વાહનવ્યવહાર માટે સંપૂર્ણ બંધ રહેશે

અમદાવાદ મ્યુનિ. તંત્ર દ્વારા છેક ૧૯૬૨માં સાબરમતી નદી પર બનાવાયેલા નહેરુબ્રિજનું રિપેરિંગ કામ હાથ ધરાયું છે. છેલ્લા દોઢ મહિનાથી તંત્ર દ્વારા નહેરુબ્રિજને રિપેર કરાઈ રહ્યો છે, પરંતુ હવે નહેરુબ્રિજ પરની વાહનચાલકોને મુશ્કેલી સર્જે તેવી ભયાનક તિરાડોને પૂરવાની મહત્ત્વની કામગીરી હાથ ધરાશે. આ માટે નહેરુબ્રિજને નીચેથી લિફ્ટ પણ કરવો પડશે. આ જટિલ કામગીરી હોઈ સત્તાવાળાઓએ આગામી તા. ૧૩ માર્ચથી દોઢ મહિના માટે એટલે કે ૩૦ એપ્રિલ સુધી તેને વાહનવ્યવહાર માટે પૂર્ણપણે બંધ રાખવાની દિશામાં કવાયત આરંભી છે, જોકે અમદાવાદીઓ માટે નહેરુબ્રિજ સૌથી વધુ મહત્ત્વપૂર્ણ બ્રિજ હોઈ દોઢ મહિના સુધી ડાઈવર્ઝનની સમસ્યા સર્જાશે.અગાઉ મ્યુનિ. ઈજનેર વિભાગ દ્વારા ખખડધજ થયેલા સુભાષબ્રિજનું રિપેરિંગ હાથ ધરાયું હતું. ઓગસ્ટ-૨૦૧૯થી સુભાષબ્રિજનું રિપેરિંગ ચાલ્યુ હતું. તે વખતે પ્રારંભમાં દર રવિવારે સુભાષબ્રિજને બંધ રખાયો હતો અને ત્રણ મહિના સુધી બેરિંગ બદલવાની કામગીરી ચાલતી રહી હતી. દિવાળી બાદ રિપેરિંગ માટે સુભાષબ્રિજને ૨૦ દિવસ માટે પૂર્ણપણે બંધ રખાયો હતો. સુભાષબ્રિજ બાદ હવે નહેરુબ્રિજનો વારો આવ્યો છે. આમ તો ઈજનેર વિભાગ દ્વારા ગત તા. ૧૫ જાન્યુઆરીથી રિપેરિંગ કામ હાથ ધર્યું છે, જેમાં રાતના દસથી સવારના ચાર વાગ્યા સુધી તેનાં બેરિંગ બદલવા અને ગ્રિસિંગનું કામ ચાલતું રહ્યું છે. હવે તો દિવસે પણ રિપેરિંગ ચાલે છે, પરંતુ બ્રિજના અંદરના ભાગેથી તિરાડો પુરાઈ રહી હોઈ ટ્રાફિકની વ્યવસ્થાને કોઈ અંતરાય નડતો નથી.

મોડાસા : ગરીબ ખેડૂતે ટ્રેક્ટર ખરીદી પછી સબસીબીડી મંજુર નહીં થતા વેચવા મજબૂર બનતા હિંમતનગરના શખ્શે ટ્રેક્ટર ખરીદી વિશ્વસઘાત કર્યો

અરવલ્લી

ખેડુતોને ખેતી માટે ઘણા કૃષિ સાધનોની જરૂર પડે છે. આ કૃષિ સાધનોની મદદથી ખેડૂત સરળતાથી ખેતી કરી શકે છે. આની સાથે, તેમનું કાર્ય ઝડપથી કરવામાં આવે છે અને તેમના સમયનો બચાવ થાય છે. બજારમાં આજે વેચવા માટે વિવિધ પ્રકારના કૃષિ ઉપકરણો અસ્તિત્વમાં છે.

પરંતુ તે એટલા મોંઘા હોય છે કે ગરીબ ખેડૂત તેને ખરીદવા સક્ષમ નથી. આર્થિક રીતે નબળા અને કૃષિ ઉપકરણો ખરીદવામાં અસમર્થ એવા ખેડૂતો માટે સરકાર એગ્રિકલચર સબસીડી આપે છે ત્યારે મોડાસાના ભચડીયા ગામના ગરીબ ખેડૂતે સબસિડીની લાહ્યમાં ટ્રેક્ટર ખરીદી કર્યા

અગમ્ય કારણોસર ટ્રેક્ટર ની સબસીડી મંજુર નહિ થતા ખેડૂત ટ્રેક્ટરના હપ્તા ભરવા કઠીન જણાતા ટ્રેક્ટર હિંમતનગર રાયકાનગરમાં રહેતા અમિત રમેશભાઈ ચૌધરીને વેંચી દીધા પાછી ટ્રેક્ટર લોનના રૂપિયા ન ભરતા અને ટ્રેક્ટર લઈ અમીત ચૌધરી ફરાર થઈ જતા ખેડુત આબાદ છેતરાતા આખરે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

મોડાસા તાલુકાના ભચડીયા ગામના પ્રતાપસિંહ અમરસિંહ પરમાર નામના ખેડૂતે હિંમતનગરથી ટ્રેક્ટરના શો રૂમ પરથી ૧.૧૬ લાખ રોકડા ભરી લોન પર ટ્રેક્ટર ખરીદી ૬ માસના લોનના હપ્તા પેટે રૂ.૬૮૬૧૮ /- એડવાન્સ ચૂકવી દીધા પછી ટ્રેક્ટરમાં મળતી એગ્રિકલચર સબસીડી ન મળતા ગરીબ ખેડૂતના લોનના હપ્તા ભરવા ફાંફા પડતા ટ્રેક્ટર વેચાણ કરવા મજબુર બન્યો હતો પ્રતાપસિંહ પરમાર પાસેથી હિંમતનગર રાયકાનગરમાં રહેતા અમીત રમેશભાઈ ચૌધરી નામના શખ્શે ખરીદી કરી ૧.૫૦ લાખ રૂપિયા રોકડા આપી ટ્રેક્ટરની લોન ખાનગી બેંકમાં ચાલુ હોવાથી લોનની બાકી રકમ ૬.૧૭ લાખ રૂપિયા ભરવા અંગે નોટરી કરી આપી વિશ્વાસ કેળવી ટ્રેક્ટર ખરીદ્યાં બાદ અમિત ચૌધરીએ ટ્રેક્ટરના હપ્તા નહિ ભરતા ખેડૂતને જાણ થતા અમિત ચૌધરીનો સંપર્ક કરતા સંપર્ક વિહોણો બનતા પ્રતાપસિંહ અને તેમના પરિવારજનોએ નોટરીમાં લખાવેલ હિંમતનગર રાયકાનગર ખાતે તપાસ કરતા અમિત ચૌધરી કે ટ્રેક્ટર મળી ન આવતા ગરીબ ખેડૂત છેતરપિંડીનો ભોગ બન્યાનો અહેસાસ થતા ચોંકી ઉઠ્યો હતો

અને ટ્રેક્ટર ખરીદી વિશ્વાસઘાત કરનાર શખ્સ સામે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા ટાઉન પોલીસે ફરિયાદ નોંધી આરોપી અમીત ચૌધરીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ખેડૂત આંદોલનને ૧૦૫ દિવસ પૂર્ણ: ખેડૂતો અનોખો વિરોધ કરશે

ખેડૂતો પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં ભાજપને હરાવવા અપીલ કરશે

અમારી ટીમો વિધાનસભા ચૂંટણી યોજાનાર પાંચ રાજ્યોની મુલાકાત લઈ લોકોને ભાજપને વોટ નહિ આપવા અપીલ કરીશું: ખેડૂત નેતા બલબીર સિંહ

ન્યુ દિલ્હી,તા.૧૧

કેન્દ્ર સરકારના ત્રણ કૃષિ કાયદાનો વિરોધ કરી રહેલા ખેડૂતોએ સરકારને ઘેરવા નવી રણનીતિ અપનાવવાની જાહેરાત કરી છે. છેલ્લા ૧૦૦ દિવસથી પણ વધુ સમયથી વિવિધ ખેડૂત સંગઠનો દિલ્હી આસપાસના વિસ્તારમાં સરહદ પર કૃષિ કાયદાને પરત ખેંચવાની માગ સાથે વિરોધ કરી રહ્યા છે. ખેડૂતોએ હવે વિધાનસભા ચૂંટણી યોજાનાર છે તે પાંચ રાજ્યોની મુલાકાત લેવાનું નક્કી કર્યું છે. ખેડૂતો આ રાજ્યોમાં જઈને ભાજપને હરાવવા માટે લોકોને અપીલ કરશે.

ખેડૂત નેતા બલબીર સિંહ રાજેવાલે ચંદીગઢમાં જણાવ્યું કે ખેડૂત આંદોલનને ૧૦૫ દિવસ થઈ ગયા છે. અમે નિર્ણય કર્યો છે કે અમારી ટીમો વિધાનસભા ચૂંટણી યોજાનાર છે તેવા પાંચ રાજ્યોની મુલાકાત લેશે. આ રાજ્યોમાં જઈને અમે લોકોને ભાજપને વોટ નહીં આપવા અપીલ કરીશું. બલબીર સિંહે જણાવ્યું કે તેઓ કોલકાતા જશે. અગાઉ ભારતીય કિસાન યુનિયનના નેતા રાકેશ ટિકૈતે જણાવ્યું હતું કે, ૧૩ માર્ચના તે કોલકાતા જશે અને ખેડૂતો સાથે ચર્ચા કરીને પશ્ચિમ બંગાળ વિધાનસભામાં ભાજપને હરાવવા માટે આહ્વાન કરશે. જો કે તેમણે કહ્યું હતું કે તેઓ કોઈ રાજકીય પક્ષનું સમર્થન નહીં કરે.

પાંચ રાજ્યોની ચૂંટણી સમયે જ ખેડૂતોએ નિર્ણાયક બ્યૂગલ ફૂંકવાની જાહેરાત કરી છે. ટિકૈતે આક્ષેપ કર્યો હતો કે દેશના ખેડૂતો ભાજપની નીતિઓથી ત્રાસી ગયા છે. ૨૬ માર્ચના ખેડૂત આંદોનને ચાર મહિનાનો સમય પૂર્ણ થશે. આ અવસરે ખેડૂત સંગઠનના નેતાઓએ ભારત બંધનું પણ એલાન કર્યું છે.

ખેડૂત નેતા બૂટા સિંહ બુર્ગજિલે જણાવ્યું કે ખેડૂતો અને ટ્રેડ યુનિયનો મળીને ૧૫ માર્ચના પેટ્રોલ-ડિઝલના ભાવ વધારા મુદ્દે તેમજ રેલવેના ખાનગીકરણ વિરુદ્ધ દેખાવો કરશે. આ ઉપરાંત સિંઘૂ બોર્ડર પર પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું કે અમે ૨૬ માર્ચના અમારા આંદોલનના ચાર મહિના પૂર્ણ થવા પર ભારત બંધનું એલાન કરીએ છીએ. સવારથી સાંજ સુધી શાંતિપૂર્ણ બંધ પાળવામાં આવશે.

૨૬ જાન્યુઆરી ૨૦૨૧ના ખેડૂતોએ દિલ્હીમાં ટ્રેક્ટર પરેડ યોજી હતી અને બાદમાં હિંસા ભડકી હતી. મોટી સંખ્યામાં ખેડૂતો દિલ્હીની અંદર ઘૂસી જતા દિલ્હી પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. લાલ કિલ્લા પર પણ તોડફોડ કરવામાં આવી હતી. દિલ્હી પોલીસે કડક કાર્યવાહી કરતા કેટલાક લોકો વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરી હતી અને અનેક લોકોની ધરપકડ પણ કરી હતી.

વડાપ્રધાને સ્વામિ ચિદ્રવાનંદની ભગવદ્ ગીતાનું ઈ-બુક વર્ઝન લોન્ચ કર્યું

યુવા પેઢી ભગવદ્ ગીતા વાંચે, ગીતામાં મુશ્કેલ સમયમાં લડવાની તાકાત: મોદી

ન્યુ દિલ્હી,તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે સ્વામિ ચિદ્રવાનંદની ભગવદ્ ગીતાનું ઈ-બુક વર્ઝન લોન્ચ કર્યું. આ દરમિયાન તેમણે કહ્યું હતું કે આજની યુવા પેઢીએ જરૂરથી ગીતા વાંચવી જોઈએ, જે આજે પણ જિંદગીમાં આપને મુશ્કેલીઓ સામે લડવાની શીખવે છે. તેનાથી તેમણે સવાલ કરવાની પ્રેરણા મળશે. સાચા-ખોટા વચ્ચેનું અંતર સમજવામાં મદદ મળશે.

મોદીએ વધુમાં કહ્યું હતું કે યુવાનોમાં ઈ-બુક્સ ખૂબ જ પ્રખ્યાત થઈ રહ્યા છે. આ પ્રયત્ન ગીતાના વિચારો સાથે વધુમાં વધુ યુવાઓને જોડશે. ગીતા આપણને વિચાર કરવા માટે મજબૂર કરે છે. તે આપણને સવાલ કરવા માટે મજબૂર કરે છે. તે ચર્ચાને પ્રિત્સાહન આપે છે અને આપણાં મગજને ખુલ્લુ રાખે છે. ગીતાથી પ્રેરણા મળેલ કોઈપણ વ્યક્તિ હંમેશા સ્વભાવથી દયાળું હશે. ગીતા તમને શક્તિ આપે છે, જેથી તમે કોઈ પણ મુશ્કેલીને દૂર કરી શકો. કોરોના સમયગાળામાં પણ ગીતાની પ્રેરણાથી લોકોને આ મહામારી સામે લડવાની શક્તિ મળી. ગયા વર્ષે એક લેખમાં કોરોના કાળનેગીતા સાથે જોડીને જોવામાં આવ્યું, જેમાં ડોકટરોને અર્જુન તરીકે વર્ણવવામાં આવ્યા હતા અને હોસ્પિટલોને યુદ્ધભૂમિ તરીકે બતાવવામાં આવી હતી.

ભગવદ્ ગીતા આપણને વિચાર કરવા માટે પ્રેરણા આપે છે, આપણને કંઈક કરવા માટે પ્રેરણા આપે છે. ભગવદ્ ગીતા તે વિચારોનું સંયુક્ત સ્વરૂપ છે, જે તમને ઉદાસીથી વિજય તરફ લઈ જાય છે. મહાત્મા ગાંધી હોય કે લોકમાન્ય તિલક, દરેક લોકો ગીતાથી પ્રભાવિત થયા છે.

આજે દેશના લોકોએ નક્કી કર્યું છે કે ભારતને આત્મનિર્ભર બનાવવું છે. આત્મનિર્ભર ભારત દુનિયા માટે સારું લઈને જ આવશે. કોરોના દરમિયાન ભારતે દુનિયાને મદદ કરી અને હાલમાં પણ આપણી વેક્સિન દુનિયાના અનેક દેશોને આપવામાં આવી રહી છે.

ભારત દુનિયાના દરેક ઘા ને ભરવા ઈચ્છે છે અને માણસાઈની મદદ કરવા માંગે છે. આ માટે ભારતમાં બનેલી કોરોના વેક્સિનની સમગ્ર દુનિયામાં સપ્લાય કરવામાં આવી રહી છે. જેથી કોરોનાના આ મુશ્કેલીભર્યા સમયમાંથી દુનિયા જલ્દીમાં જલ્દી બહાર આવી શકે. આવું કરીને ભારત પોતાને ગર્વ અનુભવી રહ્યું છે.

શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક ટ્રકમાંથી ૭.૨૧ લાખનો દારૂ ઝડપી પાડયો

પોલીસ થી બચવા પાર્સલમાં પેક કરી હતી પેટીઓ

અરવલ્લી

અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ બુટલેગરોના સીલ્કરૂટ તરીકે જાણીતો છે વર્ષે દહાડે કરોડો રૂપિયાનો વિદેશી દારૂ રતનપુર ચેકપોસ્ટ પરથી વિવિધ વાહનો મારફતે રાજ્યમાં ઠલવાઈ રહ્યો છે જીલ્લા એસપી સંજય ખરાતના આગમન પછી દારૂબંધીની અમલવારી માટે શપ્ત કાર્યવાહી કરવામાં આવતા રતનપુર ચેકપોસ્ટ પરથી વિદેશી દારૂની ઘૂસણખોરી પર જીલ્લા પોલીસતંત્ર મહદંશે સફળ રહ્યું છે શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક ટ્રકમાં પાર્સલમાં પેક કરેલ ૭.૨૧ લાખનો વિદેશી દારૂ જપ્ત કરી ફરાર ટ્રક ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. શામળાજી નવનિયુક્ત પીએસઆઈ આશીષ પટેલ અને તેમની ટીમે શિવરાત્રીની સવારે બુટલેગરોના મનસૂબા પર પાણી ફેરવ્યું હતું અણસોલ ગામ નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરાતા શંકાસ્પદ ઝડપ સાથે આવી રહેલ ટ્રક ચાલકને અટકાવવાનો ઈશારો કરતા ટ્રક ચાલક ટ્રક રોડ સાઈડ ઉભો રાખી નજીક ડુંગરોમાં નાસી છૂટતા પોલીસે ટ્રકમાં તલાસી લેતા પ્લાસ્ટિકના પાર્સલ મળી આવ્યા હતા પોલીસે પ્લાસ્ટિકના પાર્સલ તોડતા અંદરથી વિદેશી દારૂની પેટી-૨૦૦ બોટલ નંગ-૨૪૦૦ કી.રૂ.૭૨૧૨૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી ટ્રકની કી.૮ લાખ મળી કુલ.રૂ.૧૫૨૧૨૦૦/- નો જથ્થો જપ્ત કરી ફરાર ટ્રક ચાલક વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

બોલિવૂડ એક્ટ્રેસ નીના ગુપ્તાએ કોરોના રસી લીધી

દેશમાં કોરોના વાયરસને નાથવા રસીકરણ પ્રક્રિયા ચાલુ છે. સૌ પ્રથમ, ફ્રન્ટલાઈન કામદારોને આ પ્રક્રિયા હેઠળ રસી આપવામાં આવે છે. હવે લોકો ૬૦ વર્ષથી કોરોના રસી લઈ રહ્યા છે ટીવી અને બોલિવૂડ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા સ્ટાર્સને પણ કોરોના રસી લઈ રહ્યા છે. અભિનેત્રી નીના ગુપ્તાએ પણ રસી લીધી હતી. નીના ગુપ્તાએ પણ ચાહકો સાથે કોરોના રસી મૂકાવતી હોવાનો વીડિયો શેર કર્યો છે. આ વીડિયો શેર કરતા તેણે કહ્યું કે રસી આપવામાં આવી છે અને આ માટે હોસ્પિટલનો આભાર વ્યક્ત કર્યો છે તેણે લખ્યું, "લગ ગયા જી ટિકા. આભાર હિન્દુજા હોસ્પિટલ." આ વીડિયોમાં નીના ગુપ્તા ફની એક્સપ્રેશન પણ આપી રહી છે. વીડિયોમાં નીનાએ રમુજી શૈલીમાં કહ્યું છે કે, "રસી લઈ રહી છું. હું ખૂબ જ ડરી ગઈ છું. મમ્મી." આ દરમિયાન, નર્સ તેમને રસી આપે છે અને જેવી રસી લાગી ગઈ તે બાદ કહે છે, "ઠંડુ ઠંડુ લાગી રહ્યું છે ડન." આ પછી તે માસ્ક દૂર કરીને ડન કહે છે.

નાગપુરમાં ૧૫ માર્ચથી ૨૧ માર્ચ સુધી સંપૂર્ણ લોકડાઉન લાગુ કરાશે

મહારાષ્ટ્રમાં કોરોના વિસ્ફોટ: નાગપુરમાં લોકડાઉન જાહેર

સાત દિવસ ફક્ત જીવજરિયાતની વસ્તુઓની દુકાનો ખૂલી રહેશે, અન્યત્ર સદંતર લોકડાઉન રહેશે

છેલ્લા ૨૪ કલાકમાં મહારાષ્ટ્રમાં ૧૩,૬૫૯ નવા કેસ નોંધાયા

નાગપુર,તા.૧૧

મહારાષ્ટ્રમાં કોરોનાના કેસોમાં સતત થઈ રહેલા વધારા વચ્ચે નાગપુર સિટીમાં ૧૫ માર્ચથી ૨૧ માર્ચ સુધી સંપૂર્ણ લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. મહારાષ્ટ્ર સરકારના મંત્રી નીતિન રાઉતના જણાવ્યા અનુસાર, સાત દિવસના લોકડાઉનમાં જીવનજરુરી સેવાઓ ચાલુ રહેશે.

સરકાર દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર, સાત દિવસના લોકડાઉનમાં શાકભાજી, ફુટ, દૂધ તેમજ દવાની દુકાનો ખૂલ્લી રહેશે. સીએમ ઉદ્ધવ ઠાકરેએ એ વાતના સંકેત આપ્યા છે કે છેલ્લા એક મહિનાથી રાજ્યમાં કેસો સતત વધી રહ્યા છે ત્યારે બીજા પણ કેટલાક વિસ્તારોમાં લોકડાઉન આવી શકે છે.

આજે કોરોનાની વેક્સિનનો પહેલો ડોઝ લીધા બાદ ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું હતું કે, આવનારા દિવસોમાં બીજા પણ કેટલાક સ્થળો પર લોકડાઉન જાહેર કરવું પડે તેવી સ્થિતિ છે. તે અંગેનો નિર્ણય આગામી દિવસોમાં લેવામાં આવશે. નાગપુરમાં શહેર પોલીસ કમિશનર કચેરીના તાબા હેઠળ આવતા તમામ વિસ્તારોમાં લાગુ પડશે.

મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લામાં સોમવારથી રાત્રે આઠથી સવારે આઠ સુધી જનતા કરફ્યુ લાગુ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ નાગપુરમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩,૬૫૯ કેસ નોંધાયા છે જે દેશના ૬૦ ટકા જેટલા થવા જાય છે.

મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ કોરોના રસીનો પહેલો ડોઝ લીધો

રાજ્ય સરકારે નાઈટ કરફ્યુથી લઈને આંશિક લોકડાઉન જાહેર કરવાનો નિર્ણય જે-તે જિલ્લા તેમજ શહેરના સ્થાનિક તંત્ર પર છોડ્યો છે. રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા કોરોનાને કાબૂમાં લેવા માટે સાત મુદ્દાનો કાર્યક્રમ બનાવ્યો છે. જેમાં દર્દીના નજીકના સંપર્કમાં આવેલા લોકોના ટેસ્ટિંગ, ઝડપી કોન્ટેક્ટ ટ્રેસિંગ, માસ ટેસ્ટિંગ અને હોટ સ્પોટ્સ તેમજ કોરોનાથી થતા મોતના ઓડિટનો સમાવેશ થાય છે. તમામ જિલ્લાને આ કાર્યક્રમ પર કામ કરવા માટે જણાવાયું છે.

છેલ્લા કેટલાક દિવસોથી મહારાષ્ટ્ર ઉપરાંત કેરળ, પંજાબ, કર્ણાટક, ગુજરાત અને તમિલનાડુમાં કેસો સતત વધી રહ્યા છે. આ છ રાજ્યોમાં જ છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં નોંધાયેલા ૨૨,૮૫૪ કેસોના ૮૫ ટકા કેસ નોંધાયા છે.

ગયા વર્ષે ૧૧ માર્ચના રોજ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા કોરોનાને વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી હતી. જેને આજે એક વર્ષ પૂર્ણ થયું છે. જોકે, દેશમાં કોરોના એક સમયે કાબૂમાં આવ્યા બાદ હવે કેટલાક રાજ્યોમાં ફરી વકરી રહ્યો છે. રાહતની વાત એ છે કે, હાલ વેક્સિનેશન પણ શરુ કરી દેવામાં આવ્યું છે.

મહારાષ્ટ્રમાં બુધવારે કોરોનાવાયરસના રેકોર્ડ નવા કેસ નોંધાયા છે. રાજ્યના અનેક જિલ્લાઓમાં પ્રતિબંધો લાદવામાં આવ્યા છે, તેમ છતાં કોરોના સંક્રમણના આ નવા કેસો વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં, કોરોનાના ૧૩,૬૫૯ નવા કેસ નોંધાયા છે.

અંકલેશ્વરમાં જ્વેલર્સની દુકાનમાંથી બંગડીઓ ચોરી કરી ફરાર થયેલ ત્રણ મહિલાઓ ઝડપાઈ

અંકલેશ્વર,તા.૧૧

આજકાલ રાજ્યમાં ચોરી અને લૂંટફાટની ઘટનાઓ વધી રહી છે. લોકડાઉન ખૂલ્યા બાદ લૂંટના કેસ વધી રહ્યા છે. ત્યારે અંકલેશ્વર જ્વેલર્સની દુકાનમાંથી બે લાખના દાગીનાની ચોરીની ઘટના સામે આવી છે આ ઘટના દુકાનમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થયા છે, જેના કારણે ગણતરીના કલાકોમાં પોલીસે ત્રણ મહિલા આરોપીઓની ધરપકડ કરી લીધી હતી. અંકલેશ્વરનાં જ્વેલર્સ દુકાનમાં ખરીદી કરવા આવેલ એક મહિલાની સોનાની બંગડીઓ અન્ય ત્રણ જેટલી મહિલાઓએ નજર ચૂકવી ચોરી કરીને ફરાર થઈ જતાં મામલો અંકલેશ્વર શહેર પોલીસ મથકે પહોંચ્યા હતો.

આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે અંકલેશ્વરમાં ચૌટા નાકા વિસ્તારમાં આવેલ મારૂતિ જ્વેલર્સમાં ખરીદી કરવા આવેલા એક મહિલાની સોનાની બંગડીઓ અન્ય ત્રણ જેટલી આવેલી મહિલાઓએ નજર ચૂકવી ચોરી કરીને ફરાર થઈ ગઈ હતી. ત્યારબાદ મામલો પોલીસ મથકે પહોંચતા અંકલેશ્વર શહેર પોલીસે મારુતિ જ્વેલર્સ ખાતે પહોંચી હતી અને જ્વેલર્સમાં લાગેલ સીસીટીવી કેમેરાના ફૂટેજની તપાસ કરતા તેમાં ત્રણ જેટલી મહિલાઓ નજરે પડી હતી. વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે તેઓ ખરીદીનાં બહાને જ્વેલર્સમાં આવી હતી અને ત્યારબાદ અન્ય એક મહિલા કે જે પણ ખરીદીમાં મશગુલ હોવાથી તેની નજર ચૂકવી તેની સોનાની બંગડીઓ બાજુમાં બેસેલ મહિલાએ બાજનજર રાખી ચોરી કરી ફરાર થઈ ગઈ હતી. ચોરી કરવા આવેલ મહિલાઓની તમામ કરતૂત જ્વેલર્સમાં લાગેલા સીસીટીવીમાં કેદ થતા આ તમામ મહિલાઓ મધ્યપ્રદેશમાંથી અંકલેશ્વર આવી હતી. જેઓને પોલીસે ગણતરીના કલાકોમાં જ શહેર પોલીસે ધરપકડ કરી હતી. પોલીસે ધરપકડ કરેલ મહિલા આરોપીઓમાં પૂજાબેન અમિતભાઈ તખતશિહ સિસોદિયા, મનિષાબેન રાકાભાઈ ભરતસિંહ સિસોદિયા, રીમા બેન ચંદન ભાઈ જગજીવનભાઈ સિસોદિયા તમામ રહે. કડિયા પોસ્ટ પીપળીયા તાલુકો પંચોર, જિલ્લા રાજગઢ મધ્યપ્રદેશ આ તમામની અંકલેશ્વર શહેર પોલીસે ત્રણ જેટલી મહિલાઓની ધરપકડ કરી તેઓની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગૂગલ જૂન માસથી યુ-ટ્યુબ કન્ટેન્ટ બનાવનારા પાસેથી પ્રતિ માસ ૨૪થી ૩૦ ટકા ટેક્સ વસૂલશે

સાન ફ્રાન્સિસ્કો,તા.૧૧

વિશ્વની દિગ્ગજ ટેક કંપની ગૂગલે હવે યુ-ટ્યુબ કન્ટેન્ટ દ્વારા કમાણી કરનારા લોકોને સકંજામાં લીધા છે. ગૂગલે જાહેરાત કરી છે કે, જૂન મહિનાથી તે ભારત સહિત વિશ્વના અન્ય દેશોમાં યુ-ટ્યુબ કન્ટેન્ટ બનાવનારાઓ પાસેથી પ્રતિ માસ ૨૪થી ૩૦ ટકાનો ટેક્સ વસૂલશે. આ ટેક્સ અમેરિકનો દ્વારા જોવામાં આવતી યુ-ટ્યુબ સામગ્રીથી જે આવક થાય તેના પર લેવામાં આવશે.

ગૂગલે ઈ-મેઈલ દ્વારા ચેતવણી આપી છે કે, યુ-ટ્યુબ ક્રીએટર્સ ૩૧ મે, ૨૦૨૧ સુધીમાં પોતાની ટેક્સ સંબંધી જાણકારીઓ નહીં આપે તો કન્ટેન્ટ દ્વારા થતી કુલ આવકમાંથી ૨૪ ટકા ટેક્સ તરીકે કપાઈ જશે. નવા નિયમ પ્રમાણે યુ-ટ્યુબ દ્વારા કમાણી કરનારાઓ પાસેથી દર મહિને ટેક્સની રકમ કાપવામાં આવશે.

યુ-ટ્યુબર્સની આવકમાંથી ટેક્સની કપાત કેટલાક પરિબળો પર નિર્ભર રહેશે. અમેરિકાથી બહારના ક્રિએટર્સ પોતાની ટેક્સ સંબંધી જાણકારી આપશે તો અમેરિકનો દ્વારા જોવામાં આવતા કન્ટેન્ટ પર ૦થી ૩૦ ટકાનો ટેક્સ લાગી શકે છે. આ સંજોગોમાં જો તમે એવું કન્ટેન્ટ તૈયાર કરી રહ્યા છો જેને જોનારા સૌથી વધુ લોકો અમેરિકાના હોય તો ટેક્સ કાપ માટે તૈયાર થઈ જાઓ. અમેરિકી સરકાર અને સંબંધિત યુટ્યુબરના દેશની સરકાર વચ્ચે જો કોઈ ટેક્સ રાહત સંબંધી સંધિ હશે તો તેનો લાભ મળશે અને ઓછો ટેક્સ આપવો પડશે.

ગૂગલે ઉદાહરણ આપતા સમજાવ્યું કે, જો ભારતનો કોઈ કન્ટેન્ટ ક્રિએટર યુ-ટ્યુબ દ્વારા દર મહિને કુલ ૧,૦૦૦ ડોલર (૭૨,૮૩૦ રૂપિયા)ની કમાણી કરે છે. તેમાંથી ૧૦૦ ડોલરની કમાણી (૭,૨૮૩ રૂપિયા) અમેરિકી દર્શકો દ્વારા કરે છે તો તેણે તે રકમ પર ટેક્સ ચુકવવો પડશે.

ગૂગલના કહેવા પ્રમાણે જો તમે અમેરિકાને છોડીને અન્ય દેશોના દર્શકો દ્વારા કમાણી કરી રહ્યા છો તો તમારે ટેક્સ ચુકવવાની જરૂર નથી. જો કે ટેક્સ સંબંધી દસ્તાવેજો આપવા પડશે. ટેક્સ સંબંધી દસ્તાવેજો નહીં આપવામાં આવે તો આવકમાંથી ૨૪ ટકા રકમ ટેક્સ તરીકે કપાઈ જશે.

વડાપ્રધાન મોદી અને સા.અરેબિયાના પ્રિન્સ વચ્ચે ટેલિફોનિક વાતચીત થઈ

ન્યુ દિલ્હી,તા.૧૧

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સાથે ટેલિફોન વાતચીત કરી છે. આ સમય દરમિયાન વડા પ્રધાને બંને દેશો વચ્ચે વેપાર અને રોકાણ વધારવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. વળી, પીએમ મોદીએ ક્રાઉન પ્રિન્સને ભારત આવવાનું આમંત્રણ પણ આપ્યું હતું. આ માહિતી વિદેશ મંત્રાલયે આપી છે.વાતચીત દરમિયાન વડા પ્રધાને ભારતીય અર્થવ્યવસ્થામાં સાઉદી રોકાણકારો માટેની તકોને પણ અલ્પોક્તિ કરી હતી. વડા પ્રધાન કચેરી દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે બંને નેતાઓએ ૨૦૧૯ માં સ્થાપિત દ્વિપક્ષીય વ્યૂહાત્મક ભાગીદારી કાઉન્સિલની કામગીરીની સમીક્ષા કરી હતી અને ભારત-સાઉદી ભાગીદારીના ટકાઉ વિકાસ પર સંતોષ વ્યક્ત કર્યો હતો.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે પીએમ મોદીએ બંને દેશો વચ્ચે વેપાર અને રોકાણમાં વધુ વધારો કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેમણે ભારતીય અર્થવ્યવસ્થા સાઉદી રોકાણકારોને આપેલી તકોનું ધ્યાન દોર્યું. બંને નેતાઓએ ભારત અને સાઉદી અરેબિયા વચ્ચેની ખાસ મિત્રતા અને બંને દેશોના લોકો વચ્ચે પરસ્પર સંપર્કની ભાવનાને અનુલક્ષીને, કોવિડ-૧૯ મહામારી સામે એક બીજાના પ્રયત્નોને ચાલુ રાખવા સંમતિ આપી. તેમણે પરસ્પર હિતની પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિઓની પણ સમીક્ષા કરી.

Printer/Publisher/Owner & Editor :NIKITA R. SAXENA •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28, GANDHINAGAR, GUJARAT- 382028
•Published At - 45, KONARK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SABARMATI, AHMEDABAD-380019.